## સોશિયલ મીડિયા.કોમ

આમ ને આમ દિવસો ગયા ને, રોજ સાંજ પણ પડતી ગઇ,
શૌખ મરતા ગયા એક એક કરીને, જવાબદારી વધતી ગઇ,
સપનાઓ રૂંધાયા અને મુલાયમ, હાથ ની રેખાઓ બળતી ગઇ,
પૈસા ને પરિસ્થિતિના ખેલ મા, સાલી જીંદગી ઢળતી ગઇ,
સારા કે સાચા હોવાની સજાઓ, હર ઘડી ઘડી મળતી ગઇ,
આ ન કરો પેલું ન કરતાં તેવી, બરાબર સુચના મળતી ગઇ,
રહેવું હતુ નાનુ અમારે પણ, ઉમર હતી કે વધતી ગઇ,
આમ ને આમ દિવસો ગયા ને, સાંજ પણ પડતી ગઇ....

●

પ્રચંડ આત્મબળથી જ મનુષ્યમાં અનીતિની સામે સંઘર્ષ કરવાનું સામર્થ્ય જાગે છે.અનીતિપુર્વક ધન કમાવવાના પ્રલોભનથી પોતાને મુક્ત રાખવામા સફળતા મળે છે!

●

આપણી શારીરિક જરુરીયાતો પણ બીજા પ્રાણીઓની જેમ સામાન્ય જ છે અને તે સરળતાથી પુરી થઈ શકે છે,પણ આપણે આપણી વધારાની શકિતને ભોગવિલાસ,સંગ્રહ,અહંકાર વગેરે પુરા કરવામાં વાપરતા રહીએ છીએ!

●

પરિસ્થિતિ તમને સાચવી લે
તો એ તમારુ નસીબ
બાકી પરિસ્થિતિ ને તમે સાચવો
તો એ તમારી સમજણ...

●

નાનકડો એવો સેકન્ડ કાંટો
ધીમે ધીમે ચાલે છે
પરંતુ એ વર્ષોના વર્ષો ફેરવી
નાખે છે
એ રીતે માનવ જીવનમાં
પણ જો નાનકડો એવો
સદગુણ કેળવાય,
સતત વિકસતો રહે તો એ
આખા જીવનને ફેરવી નાખે છે.

●

શાસ્ત્રોનું કથન છેકે મનુષ્ય જેવું વિચારે છે તેવો જ તે બની જાય છે.જે મનુષ્ય પોતાને નિર્બળ અને શકિતહીન માને છે તેવા મનુષ્યને સંસારની કોઈ શકિત બળવાન બનાવી શકિત નથી તેથી તેવા મનુષ્યોની ભાવનાઓ બદલવી રહી!!

●

જો ભીના થઈ શકાતું હોય તો મારી તલાશી લ્યો,
હું મારા એક ખિસ્સામાં સતત વરસાદ રાખું છું.

●

આવી જજે રંગ વગર
તારી હાજરી જ કાફી છે
મને રંગીન કરવા માટે

●

સુરતી : પંડિતજી, મને સંસ્કૃત શીખવાડો ને.
પંડિત : સંસ્કૃત તો દેવોની ભાષા છે, તું શીખીને શું કરીશ ?
સુરતી : મરીને સ્વર્ગમાં જાઉં તો કામ લાગે ને.
પંડિત : પણ નર્કમાં ગયો તો ?
સુરતી : તો સુરતી તો આવડે જ છે ને !

●

મારી લાગણીઓનું વાઈ-ફાઈ
હંમેશાં ઓન મોડમાં જ હોય છે
તરંગો ઝીલો એટલા તમારા

●

પત્ર શું લખ્યો માનવતાના સરનામે
ટપાલી જ ગુજરી ગયો ઘર શોધતો-શોધતો

●

હું જે છું એ અત્યાર સુધીમાં
મને મળેલા માણસોનો સરવાળો છું.
મારામાં મારું કશું નથી.

●

પાનખરમાં વસંત થવું મને ગમે છે
યાદોની વર્ષામાં ભીંજાવું મને ગમે છે.
આંખ ભીની તો કાયમ રહે છે,
તો પણ કોઈના માટે હસતા રહેવું મને ગમે છે.

●

સાસરાપક્ષની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારવી એટલે....
મફતમાં સીસીટીવી કેમેરા લગાવવા !

●

શિક્ષક : જો આપણી સ્કૂલ સામે કોઈ બૉમ્બ મૂકી જાય તો શું કરવું જોઈએ ?
ભૂરો : થોડીવાર રાહ જોવાની, કોઈ લેવા ના આવે તો લઈને સ્ટાફરૂમમાં જમા કરાવી દેવાનો.....
નિયમ એ નિયમ !

●

**ચૂંટણીનો ઉમેદવાર**

નમુ આજ મતદારને હાથ જોડી
વર્ષ પાંચ વિત્યા પછી આવ્યો દોડી
રંકભાવથી તુજને શીશ નામુ
મત આપતા જોજો મુજ રંક સામું
કરૂ વિનતી આપવા મત આજે
થયું મન વિહ્વળ તાહરા કામકાજે
વચનો દઉં આજ હું મારા જાણી
તમે નાખો તોડી રિપુ પક્ષના પાણિ
અહો કેમ હું વર્ણવું વાત મારી
હતો હું પ્રધાન, અલ્પ છે બુદ્ધિ મારી
ચૂંટાયા પછી કોઈ ક્યાં કદી ડોકાયે
મતદારથી ઉપરી કોઈના થાયે
અમોને નિભાવે તું ઓ દેશવાસી
બધા બુથમાં તું રહ્યો છે પ્રકાશી
ગજવતા સભા વાણી વિલાસ સ્ફુટે
ભરે ફોર્મ સૌ, ધનના બંધ છૂટે
સહુ રાત દિ' પ્રચારમાં ગુંથાયે
મતદારને રીઝવવા સૌ દોડી જાયે
ધરે ધ્યાન તારું જપે મંત્ર-માળા
વદે સિદ્ધિઓ પછી કાઢે બખાળા
બધા લોકમાં એક મતદાર સાચો
પગમાં પડીને પછી મત યાચો
પછી ક્યાં કદી ઢૂંકવું આણી કોર
સભા ગજવો તમ તારે ચારે કોર
ટળે દેહના દુખ, દારિદ્ર જાયે
ખુરશી મળતાં એટલું તો પ્રાપ્ત થાયે
પછી મળશે માન અકરામ સંધુ
રહ્યો હાલમાં એક હું જ દીનબંધુ
બધા સંકટો નાથ નાખો નિવારી
કરૂં યાચના છોડી બધી ગદ્દારી.
મત ધર્મ ને કર્મનો તું જ સાખી
નથી આશ કો મુજને તું જ પાખી
કરો ચોકડી દેજો મત નામ સામે
દઉં આજ હું વચન પક્ષના નામે
પછી કોણ જાણે ફરી વેળા આવે
અહીં તો બધા આજ ધનિકો જ ફાવે

- ભગદેવ ભટ્ટ 'બિન્દાસ'

---

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ અને પોલીટેકનીક, ગાંધીનગર દ્વારા

# વર્કિંગ એન્જિનીયરિંગ મોડલ મેકિંગ સ્પર્ધા





ગાંધીનગર, તા. ૨૪

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ તેમજ શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, ગાંધીનગર દ્વારા એન્જિનીયરિંગના વિદ્યાર્થીઓમાં આવનારી ટેકનોલોજીકલ ક્રાંતિ બાબતે સજાગતા આવે તે હેતુસર વર્કિંગ એન્જિનીયરિંગ મોડલ મેકિંગ સ્પર્ધા રાખવામાં આવી હતી. મિકેનીકલ એન્જિનીયરિંગ વિભાગના વિદ્યાર્થીઓએ ઓટોમેટિક ક્રેડલ, સોલારથી ચાલતું રેફ્રિજરેટર, હોમ મેડ ઉડી પ્રિન્ટર, સોલારથી ચાલતું ગ્રાસ કટર, પોર્ટેબલ પાર્કિંગ શેડ, સેલ્ફ ગ્રેન કલેકટર વગેરે જેવા પ્રોજેક્ટ્સનું નિદર્શન કર્યું હતું.

કમ્પ્યુટર વિભાગના વિદ્યાર્થીઓએ કલાઉડ બેઝ્ડ હોમ પ્રોજેકટ તથા હેકાથોન ૨૦૧૮ના પ્રૉબ્લેમ આધારિત આર એન્ડ બી વિભાગ માટે એપ્લિકેશન તૈયાર કરી હતી. ઈલેકટ્રીકલ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ઓટોમેટિક કેલ્ક્યુલેટર ફોર બ્લાઈન્ડ પીપલ અને ઓટોમેટિક વાઈન્ડિંગ મશીનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થીઓ માટે પ્રોજેકટ મેપિંગ, ઉડી હોલોગ્રામ તથા આજના સમયમાં બહુઉપયોગી ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત સ્માર્ટ સિટી, સ્માર્ટ એગ્રીકલ્ચરલ, સોલાર પેનલ ડેટા કલેકશન, ઓટોમેટિક એટેન્ડન્સ સિસ્ટમ તથા સસ્તું કમ્પ્યુટર જેવા પ્રોજેકટ્સ રજૂ કરવામાં આવ્યા હતા. પ્રથમ વર્ષ ઈજનેરીના વિદ્યાર્થીઓ દ્વારા પાસ્કલ ત્રિકોણ, કોનિઝબર્ગ બ્રિજ પ્રોબ્લેમ, મેથ્સમેજિક, લાઈન ફોલોઅર રોબોટ, વોટર લેવલ ઈન્ડીકેટર, આરસી કેર, ફાયર એલાર્મ તથા ફન વિથ મેથ્સ જેવી વિવિધ રમતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા રણવિસ્તારમાં સેવાકાર્ય




ગાંધીનગર, તા. ૨૪

આત્મન ફાઉન્ડેશન દ્વારા ખારાઘોડા, પાટડી વિસ્તારના અગરોમાં કામ કરતા અગરિયા પરિવારો અને એ રણ વિસ્તારમાં ચાલતી ટેન્ટ શાળાઓમાં ભણતા બાળકોને જરૂરી ચીજ-વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા આ વિસ્તારના નાગબાઈ, ગણેશ, સોમા માનસંગ, મનિષ, જનતા મંડળી, સત નારાયણ, સોમા સહકારી મંડળી, છઠ્ઠી સહકારી, આલોક અને ઓડુ જેવા અગર વિસ્તારના વિવિધ કેન્દ્રોના શ્રમિકોને ૧ કિલો ગોળ, ૧ કિલો મગ, સ્લીપર, ગોગલ્સ, ટોપી, શાકભાજી વગેરે જેવી જરૂરિયાતની ચીજ-વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાના આકરા તાપમાં કાળી મજૂરી કરતા આ શ્રમિક પરિવારોની રણ વિસ્તારમાં વિકટ સ્થિતિ હોય છે. આ વિસ્તારના અંદાજે ૨૦૦ જેટલા પરિવારને પ્રસાદ રૂપે વસ્તુ વિતરણ સંસ્થાએ કર્યું હતું.

આ ઉપરાંત રણ વિસ્તારમાં ચાલતી ૧૦ ટેન્ટ શાળાઓના ૧૮૫ જેટલા વિદ્યાર્થીઓને સ્લીપર અને પેન-પેન્સિલ-ફુટપટ્ટી-રબર વગેરે સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો સાથે રસપ્રદ વાર્તાલાપ કરી તેમના અભ્યાસની પ્રગતિની માહિતિ મેળવવામાં આવી હતી.

આત્મનના આ સેવા કાર્યમાં પ્રજ્ઞાબેન પટેલ, ભરતભાઈ કવિ, કૃષ્ણકુમાર રાણા અને હરિઓમ વ્યાસ સહભાગી થયા હતા અને તેમણે બાળકો-શ્રમિકોને પ્રેરક વાતો કરી હતી. આ ઉપરાંત સ્થાનિક કાર્યકર ભરતભાઈ સોમેરા, પ્રવીણભાઈ પરમાર, અનીતાબેન, સીઆરસી મેઘરાજભાઈ રબારીએ સાથે જોડાઈને સુંદર સહકાર આપ્યો હતો. બાળકો અને અગરિયા પરિવારોએ પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો.


ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા દર વર્ષે આ વિસ્તારની મુલાકાત લઈ પ્રભુકાર્ય ગણી સેવાકાર્ય કરવામાં આવે છે.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા શનિવારે

# 'ઈ-બુક પબ્લિશિંગ' વિષયે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

લોકોમાં વાચન પ્રવૃત્તિ દિવસે ને દિવસે ઘટી રહી છે ત્યારે સામાજિકોને ટેક્નોલોજીના યુગમાં સરળતાથી બુક મળી રહે અને લેખકો સરળતાથી બુક પબ્લિશ કરી શકે આમ સાહિત્ય સાધનાનું આદાન પ્રદાન થતું રહે તેવા શુભાશયથી ભાષા-વિજ્ઞાન વિભાગ (**Department of linguistic**) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા શનિવારે એક ખાસ 'ઈ-બુક પબ્લિશિંગ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.




સમગ્ર સેમિનારના દૃષ્ટા અને આદ્યપ્રણેતા તરીકે વિભાગનાં અધ્યક્ષા પ્રો. ડૉ. નિલોત્પલાબેન ગાંધીએ ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. સેમિનારમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી પરીક્ષિત જોશીએ ઈ બુકની જરૂરિયાત કેમ ઉભી થઈ છે અને એનું ભવિષ્ય કેવું છે એ વિષયે ઉદ્ઘાટન સત્રના મુખ્ય વક્તા તરીકે પોતાની વાત મૂકી હતી. સેમિનારમાં કમ્પ્યૂટર સાયન્સ વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. હાર્દિકભાઈ જોષી તથા હલન્ત બુક પબ્લિશિંગ મુંબઈના ડાયરેકટર શ્રીધર મદુરાઈનું તકનીકી માર્ગદર્શન સહુ સહભાગીઓને પ્રાપ્ત થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાકૃત વિભાગાધ્યક્ષ પ્રો. ડૉ. સલોની જોશીએ કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય વ્યવસ્થાપક તરીકે હિન્દી વિભાગના અધ્યાપક પ્રો. ડૉ. રાજેન્દ્ર પરમારે જવાબદારી સંભાળી હતી. કાર્યક્રમના સંયોજક તરીકે ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત-વિભાગ પ્રો. ડૉ. અતુલ ઉનાગરે અને સહ સંયોજક તરીકે કમ્પ્યુટર વિજ્ઞાન વિભાગના પ્રો. ડૉ. હાર્દિક જોષીએ ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. આ ઉપક્રમથી ૪૮ સહભાગીઓ લાભાન્વિત થયા હતા.

ગુજરાતનું ગૌરવઃ રાજ્યની એક્યુપ્રેક રિસર્ચ લેબ્સ સતત બીજા વર્ષે પણ

# વૈશ્વિક બાયોકમ્પેટીબિલીટી માર્કેટ રિપોર્ટમાં કી પ્લેયર લિસ્ટમાં

ગાંધીનગર, તા. ૨૪

મેડિકલ ડિવાઈસ ટેસ્ટીંગ સેવાઓનું માર્કેટ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૩.૪ અબજ અમેરિકન ડૉલરનું થવાની ધારણા છે, એવી આશા ગ્રાન્ડ વ્યુ રિસર્ચના તાજેતરના અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯ના લેટેસ્ટ વૈશ્વિક અહેવાલમાં બજાર ૧૧.૫ ટકાના દરે વિકાસ પામવાનો અંદાજ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. બાયોકમ્પેટીબિલીટી ટેસ્ટીંગ માર્કેટ વિશેના અહેવાલમાં ગુજરાત માટે ગૌરવપ્રદ એવી બાબતમાં રાજ્યની કોન્ટ્રેક્ટ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (સીઆરઓ) એક્યુપ્રેક રિસર્ચ લેબ્સને સતત બીજા વર્ષે પણ કી પ્લેયરોની યાદીમાં સ્થાન હાંસલ થયું છે.



સઘન અભ્યાસ અને વિશ્લેષણ કરીને તૈયાર કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય બિઝનેસ રિપોર્ટમાં સ્થાન પામનાર એક્યુપ્રેક ગુજરાતનું એકમાત્ર સીઆરઓ છે. એક્યુપ્રેકના ડિરેક્ટર અને સીઈઓ ડૉ. મનિષ રાચ્છે આ બાબતમાં પ્રતિક્રિયા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ફાર્માસ્યુટીકલ્સ અને મેડિકલ ડિવાઈસના ટેસ્ટીંગ માટે પ્રિ-ક્લિનીકલ સ્ટડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે અને આગામી થોડા વર્ષો સુધી આ ટ્રેન્ડ ચાલુ રહેવાની શક્યતા છે. ગુણવત્તાસભર પ્રોડક્ટોની વધતી જતી માંગને પહોંચી વળવા મેડિકલ ડિવાઈસ ઉત્પાદકો તત્પર બનતા આવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સીઆરઓની કામગીરીમાં મહત્ત્વપૂર્ણ વધારો થવા પાછળ આ બાબત કારણભૂત છે. મેડિકલ ડિવાઈસ ઉત્પાદકો તરફથી પ્રિ-ક્લિનીકલ તથા ઈન વિટ્રો ટેસ્ટની માંગમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સેન્સીટાઈઝેશન, સાયટોટોકસીસિટી અને ઈરિટેશન સ્ટડીના પ્રમાણમાં વધારો થયો છે.

---

## જન્મદિને વધામણી



પ્રાચી સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧



પ્રીતિ શર્મા
લાયોનેસ કલબ

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ પાંચમો મણકો ॥

ગાંધીજીએ આદર્શપત્રકાર અને પત્રકારત્વ માટે કેટલાક સૂચક વિધાનો (ગાંધીવચનામૃત, પૃ. ૨૪-૨૫) રજૂ કર્યાં છેઃ (૧) પત્રકારત્વનું મુખ્ય ધ્યેય સેવા હોવું જોઈએ. (૨) પત્રકારિતા લોકમત ઘડવાનું એક સાધન છે. (૩) પત્રકારિતા એક સુંદર કળા છે, પરંતુ આજે તેનો ઘણો દુરુપયોગ થાય છે. તેમાં લોકહિતનું ધ્યેય ઓછું થઈ રહ્યું છે. (૪) સમાચાર પત્રોનો ઉદ્દેશ્ય એ પણ હોવો જોઈએ કે લોકલાગણીને સમજીને તેની અભિવ્યક્તિ કરી શકાય. (૫) એ કમનસીબીની વાત છે કે આજે સમાચાર પત્ર સામાન્ય માનવીને માટે શાસ્ત્રથી વિશેષ મહત્વપૂર્ણ થઈ ગયાં છે. (૬) દેશમાં જે પ્રકારનાં અખબારો નીકળી રહ્યાં છે તે માટે જો મારું ચાલે તો તે બધાને બંધ કરું. (૭) રાજય જે ભૂલો કરે છે, તેની ચર્ચા કરવી એ પત્રકારત્વનું એક જરૂરી અંગ છે. (૮) સમાચાર પત્રોના અસ્તિત્વથી લાભ અને હાનિ થવાની સરખી સંભાવના છે. (૯) અખબાર વાંચવું એ મુસીબત છે. સાચી ખબર મળતી નથી. (૧૦) લોકસેવા કરવાવાળા સંપાદકે મૃત્યુનો ભય છોડી દેવો જોઈએ.




શાંતિ પત્રકારત્વ

જયારથી ગાંધીજી જગત અને જીવનને વિષે સ્વતંત્ર રૂપે વિચારતા અને કાર્ય કરતા થયા, ત્યારથી જાહેર વર્તમાનપત્ર દ્વારા પણ પોતાનું કામ કરવું, એ એમના સ્વાભાવમાં હતું. તેમનાં અખબારો કમાવાનાં કે ધંધાદારી નહોતા. તેવા થવાનો તેમનો હેતુ પણ નહોતો. પરંતુ, જગતના વ્યવહારના વિચારથી છાપુ ભલે એક વ્યવસાય હોય, કે જેવું તો શિક્ષણ પણ આજે કયાં નથી? છાપું મૂળે તો લોકશિક્ષણનો એક પ્રકાર જ છે, અને તેથી સમાજસેવાનું એક અનોખું મહત્વ તે ધરાવે છે. એ આજે ભ્રષ્ટ થયું છે એ જુદી વાત છે, તેથી જ કરીને, અર્વાચીન રાજયશાસ્ત્રમાં વર્તમાનપત્ર તો એક અનિવાર્ય સ્તંભ મનાય છે, અને ગાંધીજીએ પોતાનું જાહેર સેવાકાર્ય કરવામાં આ સાધનનો ઉત્તમ પ્રકારે ઉપયોગ કરી જાણ્યો હતો. જેમ કે, તે પોતે 'આત્મકથા'માં કહે છે કે, ''વર્તમાનપત્રો સેવાભાવથી જ ચાલવા જોઈએ, વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. નિરંકુશ પાણીનોધોધ ગામનાં ગામ ડુબાવે છે અને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.''

ગાંધીજીનું પત્રકાર્ય પણ સત્ય અને અહિંસાનો એક પ્રયોગ હતો. આથી પોતાની આત્મકથામાં કહે છે કે, અખબારમાં જે કાંઈ લખ્યું,'' એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોળયે લખ્યો હોય કે કોઈને કેવળ ખુશ જ કરવાને ખાતર લખ્યો હોય, કે જાણી જોઈને અતિશયોક્તિ કરી હોય, એવું મને યાદ નથી. મારે સારું છાપું સંયમની તાલીમ થઈપડ્યું હતું. મિત્રોને સારું મારા વિચારો જાણવાનું વાહન થઈ પડ્યું હતું.''

ગાંધીજીની કાર્યપદ્ધતિ એવી હતી જે માણસના સમગ્ર જીવનને સ્પર્શે તેવા કાર્યક્રમો ઘડતાં. વિચારપત્રો દ્વારા પત્રોમાં લોકશિક્ષણ, સત્યાગ્રહ સહિત જીવનને સ્પર્શતા બધા જ વિષયોને આવરી લઈને હતા. ગાંધીજી 'યંગ ઈન્ડિયા'માં ટીકાકારોને જવાબ આપતાં જણાવે છે કે, ''મારું જીવનકાર્ય અહિંસા અને સત્યમાંથી સીધી રીતે ફલિત થતા સત્યાગ્રહરૂપ શસ્ત્રનો ભારે સંયમપૂર્વક ઉપયોગ શી રીતે કરવો એ વર્તન અને વાણી દ્વારા શીખવવાનું છે. જીવનમાં બહુવિધ અનિષ્ટોનો અહિંસા સિવયા બીજો કોઈ ઈલાજ જ નથી એ પ્રત્યક્ષ દર્શાવવાને હું ઉત્સુક બલકે અધીરો છું.'' દક્ષિણ આફ્રિકામાં લોકશિક્ષણ સાથે હિંદીઓ વચ્ચે અને હિંદીઓના હક-રક્ષણ માટે કામ કરતાં છાપાની જરૂર જણાતાં 'ઈન્ડિયન ઓપિનિયન' શરૂઆત કરી હતી. આ અખબારના હેતુ સ્પષ્ટ કરતાં ગાંધીજી જણાવે છે કે, ''સમ્રાટ એડવર્ડની યુરોપીય અને ભારતીય પ્રજાઓમાં નિકટ સંપર્ક સ્થાપિત કરવાનો, લોકમત શિક્ષિત કરવાનો, ગેરસમજનાં કારણો દૂર કરવાનો અને હિંદીઓની સામે એમના પોતાના દોષોની રજૂઆત કરવાનો કે જેથી તેઓ અધિકારોની પ્રાપ્તિના આગ્રહ સાથે એમના કર્તવ્યપંથને સંભાળે.'' ગાંધીજી પોતાની લડતોનો પ્રચાર કરવાના હેતુથી છાપાં ચલાવતાં હતા, પણ તેમાં જીવનને સ્પર્શતા બધા જ વિષયોને આવરી લેતા હતા. એમની કાર્ય કરવાની પદ્ધતિ જ એવી હતી. માણસના સમગ્ર જીવનને સ્પર્શે એવો કાર્યક્રમ ઘડી કાઢતા હતા. (ક્રમશઃ)

**- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર**